અરવલ્લી-સાબરકાંઠામાં શનિવારે

સી.આર. પાટીલ સાથે સેલ્ફી લેનાર અને કાર્યક્રમમાં ઉપસ્થિત લોકોમાં ફફડાટ

ગુજરાત ભાજપ પ્રદેશ અધ્યક્ષ સી.આર. પાટીલને કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સારવાર અર્થે અપોલો હોસ્પિટલમાં ખસેડાયા હોવાની માહીતી બહાર આવતાની સાથે અરવલ્લી-સાબરકાંઠા જીલ્લાના ભાજપના અગ્રણીઓ અને કાર્યકરોમાં ફફડાટ ફેલાયો છે. સદ્નસીબે સાબરકાંઠાના પ્રાંતિજ અને અરવલ્લી જીલ્લાના રાજેન્દ્ર ચોકડીથી યોજાનાર કાર અને બાઈકરેલી તેમજ સ્વાગત કાર્યક્રમ પડતા મુકવામાં આવ્યા હતા. શનિવારે હિંમતનગરના ટાઉનહોલ અને મોડાસાના ભામાશા હોલમાં અભિવાદન સમારોહ યોજાયો હતો જેમાં મોટી સંખ્યામાં ભાજપના અગ્રણીઓ અને મોટી સંખ્યામાં કાર્યકરો ઉપસ્થીત રહ્યા હતા અને સોશ્યલ ડીસ્ટન્સના ધજાગરા ઉડવાની સાથે માસ્ક વગર પણ અનેક લોકો કાર્યક્રમમાં જોવા મળ્યા હતા. ત્યારે સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લાના ભાજપના અગ્રણી અને કાર્યકરોમાં કોરોના સંક્રમણનો ભય પેદા થયો છે. સીઆર પાટીલ સાથે ફોટો વિથ ફ્રેમ અને અભિવાદન કરનાર ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો માસ્ક પહેર્યું ન હોવાથી આગામી સમયમાં બંને જીલ્લામાં કોરોનાની લહેર જોવા મળે તો નવાઈ નહિ સીઆર પાટીલના રાજકીય કાર્યક્રમો પછી કોરોનાનું સંક્રમણ વધતા રાજનીતિ ગરમાઈ છે.

શનિવારે અરવલ્લી-સાબરકાંઠામાં સી.આર. પાટીલના અભિવાદન સમારોહના ગણતરીના દિવસોમાં કોરોનામાં સી.આર. પાટીલ સપડાતા ફફડાટ ફેલાયો છે. ભાજપ અધ્યક્ષ સી.આર. પાટિલના સૌરાષ્ટ્ર પ્રવાસ બાદ ભાજપના ધારાસભ્યો, અગ્રણીઓ અને કાર્યકરો કોરોનામાં સપડાતા હતા. ઉત્તર ગુજરાતમાં છેલ્લા બે દિવસમા ઉમટેલી ભીડ પછી કોરોનાનું સંકટ ઘેરાતા ત્રીજા દિવસે જાણે ભાજપ પ્રમુખ અને મોવળીમંડળને અક્ષરજ્ઞાન થયું હોય તેમ અરવલ્લી-સાબરકાંઠા જીલ્લામાં તમામ સ્વાગત કાર્યક્રમ સ્થગિત કરી દેવામાં આવ્યા હતા પરંતુ અભિવાદન સમારોહ બંને જિલ્લામાં યોજાયો હતો જેમાં રાજ્ય ભાજપ અને સાબરકાંઠા-અરવલ્લી ભાજપના અગ્રણીઓ અને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થીત રહ્યા હતા ત્યારે આગામી સમયમાં બંને જીલ્લામાં કોરોનાનું સંક્રમણ વધે તો નવાઈ નહિ તેવું જાગૃત નાગરિકોએ જણાવ્યું હતું.

આડાહાથરોલના નાગણેશ્વરી મંદિરમાંથી દાનપેટીની રકમ ચોરાઈ

હિંમતનગર તાલુકાના આડાહાથરોલ ગામે આવેલ નાગણેશ્વરી માતાના મંદિરમાં રખાયેલ દાનપેટીમાંથી દોઢેક માસ અગાઉ અજાણ્યો શખ્સ અંદાજે રૂ. ૩ હજાર રોકડની ચોરી કરી લઈ ગયાની ફરીયાદ સોમવારે ગાંભોઈ પોલીસ સ્ટેશનમં નોંધાવા પામી હતી. આ અંગે આડાહાથરોલ ગામના ઉપેન્દ્રસિંહ નવલસિંહ રાઠોડે નોંધાવેલી ફરીયાદમાં જણાવ્યા મુજબ ગત તા. ૨૧ ઓગષ્ટની રાત્રે અજાણ્યા શખ્સે ગામના નાગણેશ્વરી માતાજીના મંદિરની જાળી તોડી અંદર પ્રવેશ કરી દાનપેટીને પહોળી કરી તેમાંથી અંદાજે રૂ. ૩ હજાર રોકડની ચોરી કરી લઈ ગયો હતો.

હિંમતનગર બાયપાસ રોડ પરથી મીની ટ્રકમાં લઈ જવાતો બિયરનો જથ્થો પકડાયો

હિંમતનગર, તા. ૮

હિંમતનગરના મોતીપુરા વિસ્તારમાં થઈને આરટીઓ સર્કલ જતા બાયપાસ રોડ પરથી એલસીબીએ સોમવારે રાત્રે બાતમીને આધારે એલસીબીએ એક મીની ટ્રકના ચોરખાનામાંથી અંદાજે રૂ. ૬૩ હજારની કિંમતના બિયરના જથ્થા સાથે રાજસ્થાનના એક શખ્સની અટકાયત કરી મુદ્દામાલ કબ્જે લઈ તેની વિરૂદ્ધ મંગળવારે હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવી હતી.

આ અંગે એલસીબીના સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ તેમને એવી બાતમી મળી હતી કે એક વાહનમાં અજાણ્યો શખ્સ પાસપરમીટ વિના બિયરનો જથ્થો લઈને પસાર થવાનો છે જે આધારે પોલીસે બાયપાસ રોડ પર જઈ વાહનોનું ચેકીંગ શરૂ કર્યુ હતુ. દરમિયાન અહીંથી પસાર થતી મીનીટ્રક શકના આધારે ઉભી રખાવવાનો પ્રયાસ કર્યો હતો તેમ છતાં મીનીટ્રકનો ચાલક ભાગી ગયો હતો જેથી પોલીસે તેનો પીછો કરીને નટીપુલ પાસે આવેલા એક હોટલ પાસેથી તેને ઝડપી લીધો હતો.

ત્યારબાદ પોલીસે મીનીટ્રકની ઝડતી લેતા તેના ચોરખાનામાંથી અંદાજે રૂ. ૬૩ હજારની કિંમતની અંદાજે ૫૦૪ બિયરના ટીન મળી આવ્યા હતા ત્યારબાદ પોલીસે તેનો મોબાઈલ અને મીનીટ્રક મળી અંદાજે રૂ. ૩.૬૪ લાખથી વધુનો મુદ્દામાલ કબ્જે લઈ રાજસ્થાનના ઉદેપુર જિલ્લાના નઠારા ગામના મનજીત છત્રાજી કટારાની અટકાયત કરી પ્રોહિબીશન એક્ટના ભંગ બદલ હિંમતનગર ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવાઈ હતી.

રે કળયુગ...ગૃહ કંકાસમાં પતિએ પત્નીની સોપારી આપી

અરવલ્લીના આકરૂન્દ પાસે દંપતી પર તીક્ષણ હુમલામાં ઘટસ્ફોટ, એલસીબીએ પતિ સહીત બેને દબોચ્યા

અરવલ્લી જીલ્લાના ધનસુરા તાલુકાના આકરૂન્દ ગામ નજીકથી શનિવારે બપોરના સુમારે બાઈક લઈ પસાર થઈ રહેલ દંપતી લઘુશંકા કરવા બાઈક ઉભું રાખતા બાઈક પર આવેલા બે શખ્સો મહિલા પર તીક્ષણ ઘા ઝીંકી ફરાર થઈ જતા ભારે ચકચાર મચી હતી પત્નીને બચાવવા જતા પતિ પણ ઘાયલ થયો હતો બંનેને લોકોએ સારવાર અર્થે ખસેડ્યા હતા. ધનસુરા પોલીસે હુમલાનો ભોગ બનેલ બાયડના મધુર ફાર્મમાં રહેતા વિજયગીરી ભુરગીરી ગોસ્વામીએ અજાણ્યા હુમલાખોર વિરુદ્ધ ફરિયાદ નોંધાવી હતી. આકરૂન્દ નજીક દિન દહાડે દંપતી પર જાનલેવા હુમલાની ઘટનાના પગલે ભારે ચકચાર મચી હતી. જીલ્લા પોલીસવડા સંજય ખરાતે ઘટનાની ગંભીરતા સમજી અરવલ્લી એલસીબી પોલીસને સૂચના આપતા એલસીબી પોલીસે ગણતરીના કલાકોમાં દંપતી પર થયેલ હુમલાનો ભેદ ઉકેલી નાખી ખુદ ફરિયાદી જ આરોપી નીકળતા અને ગૃહ કંકાસમાં પત્નીની હત્યા કરવા બાયડના શખ્સને સોપારી આપી હોવાનું જણાવતા પોલીસ ચોકી ઉઠી હતી. હત્યાની સોપારી લેનાર બાયડના વિનોદ ફોગતભાઈ લુહારને અમદાવાદથી દબોચી લિધો હતો. હુમલાખોર અમદાવાદના બે સોપારી કિલરની ધરપકડ કરવા ચક્રો ગતિમાન કર્યા હતા.

અરવલ્લી જીલ્લા ડીવાયએસપી ભરત બસીયાના માર્ગદર્શ હેઠળ એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે વધુ એક દંપતિ પર જીવલેણ હુમલાનો ભેદ ઉકેલી નાખ્યો હતો જેમાં ફરિયાદી ખુદ આરોપી નીકળતા પોલીસે પણ ચોકી ઉઠી હતી. પતિએ જ પત્નીની હત્યાની ૨ લાખ રૂપિયાની સોપારી આપી હતી. પોલીસને હજુ પણ વિજયગીરીએ ગૃહકંકાસના પગલે પત્નીને મોતને ઘાટ ઉતારવા આપેલ સોપારીની કહાની ઘરે ઉતરતી ન હોવાનું પોલીસસૂત્રો પાસેથી માહિતી પ્રાપ્ત થઇ હતી.

બાયડના સરકારી પુસ્તકાલય સામે મધુરમફાર્મમાં રહેતા અને ઓમકાર કિરાણા સ્ટોર ધરાવતા વિજયગીરી ભુરગીરી ગોસ્વામી તેમની પત્ની પારૂલબેન સાથે વારંવાર ઝગડા થતા હોવાથી અસહ્ય બનેલ ગૃહ કંકાસથી ત્રાસી ઉઠેલા વિજયગીરીએ તેની પત્ની પારૂલબેનનું કાસળ કાઢી નાખવા બાયડના જ વિનોદ ફોગતભાઈ લુહારને સોપારી આપતા વિનોદ લુહારે અમદાવાદના જવારચોક નજીક રહેતા અલ્કેશ ભીખાભાઈ બેરવા અને અન્ય એક ગાંડો તરીકે ઓળખાતા શખ્સનો સંપર્ક કરી તીક્ષણ હથિયારથી હત્યા કરવાનો પ્લાન બનાવ્યા હતો. હત્યાના પ્લાન મુજબ વિજયગીરી ગોસ્વામી તેની પત્નીને લઈ વતન જવા નીકળ્યો હતો અને આકરૂન્દ નજીક રોડ પર બાઈક ઉભું રાખી પેશાબ કરવા જવાનું બહાનું બનાવી ખેતરમાં ઉભો થઈ ગયો હતો અને પાછળ પારુલબેનની હત્યા કરવા બાઈક લઈને આવી રહેલા સોપારી કીલર અલ્કેશ ભીખા બેરવા અને પાછળ બેઠેલા ગાંડા નામના શખ્શે પારૂલબેન પર તીક્ષણ હથિયારના ઘા આડેધડ વીંઝતા પારૂલબેન બુમાબુમ કરી મુકતા પારૂલબેનને શક ન જાય તે માટે વિજયગીરી બચાવવા વચ્ચે પડતા પ્લાન મુજબ સોપારી કિલરોએ તેને પણ ઈજાઓ પહોંચાડી હતી દંપતી પર હુમલાના પગલે વિજયગીરીએ તેના પરિવાર અને મિત્રોને જાણ કરતા તાબડતોડ ઘટનાસ્થળે પહોંચી પારૂલબેન અને વિજયગીરીને સારવાર અર્થે દવાખાને ખસેડ્યા હતા જેમાં પારૂલબેનની હાલત ગંભીર જણાતા મોડાસાની મલ્ટી સુપર સ્પેશિયાલીટી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડાયા હતા સમગ્ર મામલે ધનસુરા પોલીસ મથકે ગુન્હો નોંધાયો હતો.

અરવલ્લી એલસીબી પીઆઈ આર.કે. પરમાર અને તેમની ટીમે વિજયગીરી ગોસ્વામીની વર્તણુક શંકાસ્પદ જણાતા તેની આગવી ઢબે પુછરપરછ કરતા તેને જ તેની પત્નીના ગૃહકંકાસથી ત્રાસી પારૂલબેનની હત્યા કરવાનો પ્લાન બનાવી બે લાખ રૂપિયામાં બાયડના જ વિનોદ ફોગતભાઈ લુહારને સોપારી આપતા તેને અમદાવાદના બે શખ્સોને પારૂલબેનને મોતને ઘાટ ઉતારવા તૈયાર કરી પ્લાન બનાવ્યો હોવાનું પોપટની માફક કબુલી લીધું હતું. હત્યાં સોપારી લેનાર વિનોદ લુહારને કબીરચૌક અમદાવાદથી દબોચી લઈ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી પારૂલબેન પર તીક્ષણ હથિયારના ઘા ઝિંકનાર અમદાવાદના અલ્કેશ ભીખાભાઈ બેરવા અને ગાંડા નામના શખ્સને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસરની દયાનિતી

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફિસરની દબાણ દયાનિતી સામે આવી છે જેમાં કોર્ટના ઓર્ડરનો પણ અનાદાર કર્યોહોય તેમ માત્ર ફોટોગ્રાફિ પુરતુ દબાણ તોડી ઉભું રાખ્યું તો આરસીએમના ઓર્ડરને પણ ચીફ ઓફિસર ગળી ગયા.

પ્રાંતિજ ખાતે નગરપાલિકા વિસ્તારોમાં છેલ્લા કેટલાય વર્ષોથી રહેણાંક વિસ્તારોમાં મકાન આગળ પાછળના દબાણને લઈને કોર્ટ મેટર ચાલી રહી હતી. કોર્ટ દ્વારા પ્રાંતિજના જબુચોરામાં ત્રણ મકાનો નગરપાલિકાને તાત્કાલિક ધોરણે જે તે દબણકર્તાઓના ઘર આગળ કરેલ દબાણો દુર કરી વિડિયો ગ્રાફી ફોટાગાફી રજુ કરવાનો ઓડર કર્યો હતો તો પ્રાંતિજના બારોટ વાસમાં અન્ય એક મકાન આગળ થયેલ દબાણને પણ દુર કરવા માટે આરસીએમ દ્વારા પ્રાંતિજ નગરપાલિકાને સુચના કરી હતી પણ પ્રાંતિજ નગરપાલિકાના દયાવાન ચીફ ઓફિસર દ્વારા હાલ તો આરસીએમના ઓર્ડરની પણ એસીકીતેસી કરી ગળી ગયા છે અને માત્ર ઘર આગળ ખાલી ઓસરીના ઓટલા તોડી ફોટોગ્રાફિ કરી વિડિયો બનાવી કોર્ટની સુચનાનો પણ હાલ તો અનાદાર કર્યો છે. નગરપાલિકાના ચીફ ઓફિસર દ્વારા હાલ તો આટીયાવાસ ખાતે ઓસળીમા આવેલ ખાલી બીમ તોડી લટતુ રાખવામાં આવ્યું છે. આજુબાજુના રહીશો પણ હાલ તો ભયના માહોલ નીચે જીવી રહ્યા છે કે બીમ વગરનું ધાબુ ક્યારેય પડી શકે તેમ છે અને ગમે તે સમયે મોટી જાનહાની થાય તેમ છે ત્યારે હાલ તો પ્રાંતિજ નગરપાલિકાના ચીફ ઓફીસર આકાશ પટેલની મનમાની અને કોર્ટ અને આરસીએમના ઓરડરની પણ અવગણના કરતા હોય અને પોતાનુ ધાર્યુ કરતા હોય તેવી ચર્ચાઓએ જોર પકડયું છે. ત્યારે ચીફ ઓફિસર આકાશ પટેલ દ્વારા માત્ર ફોટોગ્રાફિ કરી કોર્ટને પણ હાલ તો દબાણ દુર કયું હોય તેવી લોલીપોપ આપી હોય તેવું લાગી રહ્યું છે. ત્યારે હવે જોવું એ રહ્યું કે ખરેખર દબાણ દુર થશે કે પછી ચીફ ઓફિસરની દબાણ દુરની લોલીપોપ લોલીપોપ જ રહશે એ તો હવે જોવું રહ્યું.

કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખ અને ઉપપ્રમુખના ઉમેદવારી પત્રો ભરાયા

કાંકરેજ, તા. ૮

પ્રાપ્ત વિગતો અનુસાર કાંકરેજ તાલુકા પંચાયત પ્રમુખની અઢી વર્ષની ટર્મ પૂર્ણ થતાં જિલ્લા વિકાસ અધિકારી દ્વારા જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ત્યારે તારીખ ૮-૯-૨૦૨૦ના રોજ બપોરે કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ મંત્રી અમરતજી ઠાકોર અને કાંકરેજ તાલુકા કોંગ્રેસ સમિતિ પ્રમુખ હેમુભાઈ જોષી અને કોંગ્રસના જિલ્લા તાલુકા પંચાયત સદસ્યો તેમજ કાર્યકરો ઉપસ્થિત રહ્યા હતા. ત્યારે પ્રમુખ તરીકે ઠાકોર ક્રિષ્નાબેન રમતૂજીએ પોતાનું ઉમેદવારી પત્ર રજૂ કર્યું હતું જેમાં ઉપપ્રમુખ તરીકે રામસીભાઈ ખુમાભાઈ રબારીના ઉમેદવારી પત્રો ભરાયા હતા જેમાં ડમી ઉમેદવાર તરીકે ઈન્દુબેન પ્રતાપજી અને ટેકેદાર રમજાબેન બળવંતજી દુધેચાએ ટેકો આપ્યો હતો. ભારતીય જનતા પાર્ટીના કોઈ પણ ઉમેદવાર કાંકરેજ તાલુકા પંચાયત કચેરી ખાતે રૂબરૂ ફોર્મ ભરવા માટે આવ્યા ન હતા પરંતુ તાલુકા ભાજપના ઈસુભા વાઘેલા અને અમિભાઈ દેસાઈ ભાજપના ઉમેદવારી પત્રો રજૂ કરવા માટે આવ્યા હતા. તાલુકા વિકાસ અધિકારી અનિલ ત્રિવેદીએ કોંગ્રેસ પક્ષના પ્રમુખ તરીકે દાવેદાર માનવામાં આવે છે.

પ્રાંતિજ નાનીભાગોળ મોટા ઠાકોર વાસમાં વિજ કરંટ લાગતા ૧૯ વર્ષના યુવકનું મોત

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ નાનીભાગોળ મોટા ઠાકોર વાસમાં વિજ કરંટ લાગતા ૧૯ વર્ષના યુવકનું મોત નિપજ્યું હતું. યુવકના મોતને લઈને આ વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું.

પ્રાંતિજ નાનીભાગોળ મોટા ઠાકોર વાસમા મા-બાપ પરિવાર વિનાના બે ભાઈઓમાંથી મકવાણા વિષ્ણુજી સુરસનજી ઉ.વર્ષ-૧૯ કે જે પોતાના ઘર આગળ ઓસળીમા તાર ઉપર સુકવેલા કપડાં લેવા જતા વિજકરંટ લાગતા બુમાબુમ મચી જવા પામી હતી અને બુમાબુમ થતા આજુબામાથી દોડી આવેલ બે જણાએ બચાવવાનો પ્રયત્ન કર્યો હતો પણ તેવોને પણ વિજકંરટ લાગ્યો હતો. દોડી આવેલ લોકો દ્વારા મકવાણા વિષ્ણુજીને તાત્કાલિક એકટીવ ઉપર પ્રાંતિજ સિવિલ હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યો હતો પણ સિવિલમાં હાજર તબીબી દ્વારા તેને મૃત જાહેર કર્યો હતો. વિજકંપનીમાં પણ જાણ કરતા વિજ કંપનીના એન્જીનીયર શૈલેષભાઈ યાદવ પણ તેમની ટીમ સાથે ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. મૃતક યુવક છુટક મજુરી કરતો હતો, પરીવારમાં માત્ર બે ભાઈઓ જ હતા જેમાં મોટા ભાઈનું વિજકંરટથી મોત નિપજતા હાલ ૧૫ વર્ષનો ભાઈ એકલો પડી ગયો છે. યુવકના અચાનક મોતને લઈને મોટા ઠાકોરવાસ સહિત વિસ્તારમાં શોકનું મોજુ ફરી વળ્યુ છે.

સ્વદેશી જાગરણ મંચે કોરોના વોરિયર્સને સન્માનીત કર્યા

જાપાનમાં જયારે હિરોશીમા-નાગાસાકી પર યુદ્ધ સમયે અણુબોંમથી હુમલો થયો હતો ત્યારે પૂરી દુનિયા વિચારતી હતી જાપાન દેશ હવે ફરી પોતાના ઉપર બેઠો નહિ થાય. જયારે જાપાનના લોકોએ દુનિયાને બતાવી આપ્યું કે વિનાશ પછી વિકાસ પણ જોરદાર થતો હોય છે આજે જયારે વિશ્વ કોરોનાની મહામારીના કારણે દેશ અને દુનિયાના લોકો નિરાશ થઈ રહ્યા છે ત્યારે ભારત દેશના લોકો માટે સ્વદેશી જાગરણ મંચ આત્મનિર્ભર કેવી રીતે બનવું એ માટે સતત લોકોને પ્રોત્સાહિત કરતા રહે છે. આજે ગુજરાત રાજ્ય સ્વદેશી જાગરણ મંચ દ્વારા હિંમતનગર આરએસએસના સભાખંડમાં અરવલ્લી જિલ્લા સાબરકાંઠા જિલ્લાના જે લોકો આત્મનિર્ભર બની પોતાનો વ્યવસાય સારી રીતે કરી રહ્યા છે સાથે જ સાથે જરૂરિયાતમંદોને રોજીરોટી પૂરી પાડી રહ્યા છે તેવા વ્યક્તિઓનું સન્માન કરવાનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખેડૂતો દ્વારા ઉભી થયેલી ખેડૂતો માટેની સાબરડેરીના ચેરમેન, ખેડૂતો માટે કામ કરતી સાબરકાંઠા જિલ્લા બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ ઈડર ખાતે ગૃહ ઉદ્યોગ દ્વારા સ્વરોજગાર પૂરો પાડતા જાડેજા બાપુ, ગોપાલસિંહ, અમિત કવિ, સાથે સાથે પુરા ભારત દેશમાં જેનું નામ છે સેવા એ જ ભગવાન સેવા એ જ એમનો ધર્મ છે તેવા રાજેન્દ્રનગરના સહયોગ કુષ્ઠરોગના પ્રણેતા આજે પણ ગાંધી એમને જોઈને યાદ આવે એવા જરૂરિયાતમંદ બીમાર લોકો મંદબુદ્ધિના લોકો માટેનું આશ્રયસ્થાન સહયોગ કુષ્ઠરોગ આશ્રમ તેમને આત્મનિર્ભર બનાવી ખાદીગ્રામ ઉદ્યોગનું મોટુ કામ કરનારા સુરેશભાઈ સોનીનું સન્માન કરવામાં આવ્યું હતું. સ્વદેશી જાગરણ મંચના પૂર્વ સાંસદ ડોક્ટર મહેન્દ્રજી ચૌહાણ, નિલેશ જોશી, ચૈતન્ય ભટ્ટ, નિરંજનભાઈ ભટ્ટ, કિસાન સંઘના મગનભાઈ પટેલ સાથે મળી સન્માનનીય સૌનુ સન્માન કર્યું. દેશ વધુ આત્મનિર્ભર બની વધુ નાના ઉદ્યોગોને વધુ લોકોને રોજી મળે તેવું સૌ એક અવાજે એકબીજાને પ્રોત્સાહિત કરવાની વાત કરી હતી.

ભિલોડા તાલુકાના માંકરોડા ફાયરીંગ બટ વિસ્તારમાં પ્રવેશ પર પ્રતિબંધ

ભિલોડા, તા. ૮

અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ગામના સ.નં.૪૮/બ/૨ માં ફાયરીંગ બટ આવેલો છે. સદર બટમાં રા.અ.પો. દળ જુથ-૬ મુડેટી જિ. સાબરકાંઠાના એ.બી.સી ડી.ઈ.એફ. હકવોર્ટર એમ.ટી. સેકશનના કર્મારીઓનું સને-૨૦૨૦નું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીંગ કરવા હોઇ પોલીસ અધિક્ષકશ્રી અરવલ્લી મોડાસાએ તા.૨૯-૮-૨૦૨૦ના પત્રથી મંજુરી આપેલ છે. સેનાપતિશ્રી બટમાં રા.અ.પો. દળના તા.૧-૦૯-૨૦૨૦ ના પત્રથી આ બટ વિસ્તારની હદમાં રહેતા આજુબાજુનાં પ્રજાજનોની સલામતી જાળવવા માટે સન.૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમન અન્વયે તા.૨૧-૯-૨૦૨૦થી તા. ૨૩-૧૦-૨૦૨૦ સુધી અમલમાં તે રીતે જાહેરનામું અમલમાં રહેશે.

અમૃતેશ ઔરંગાબાદકર આઈ.એ.એસ. જિલ્લા મેજીસ્ટ્રેટ, અરવલ્લી-મોડાસા સને-૧૯૫૧ના ગુજરાત પોલીસ અધિનિયમની કલમ-૩૭(૪)થી મળેલ સત્તાની રૂએ અરવલ્લી જિલ્લાના ભિલોડા તાલુકાના ગંભીરપુરા (માંકરોડા) ખાતેના બટ ઉપર બટમાં રા.અ.પો. દળ જુથ-૬ મુડેટી, જિ. સાબરકાંઠાના એ.બી.સી. ડી.ઈ.એફ હેડ કવોર્ટર એમ.ટી. સેકશનના કર્મારીઓનું સને-૨૦૨૦નું વાર્ષિક ફાયરીંગ પ્રેકટીંગ કરવાનુ હોઇ ઉકત બટ વિસ્તારની આજુબાજુની વ્યકિતઓએ ઉપરોકત જમીનની આજુબાજુ ૧.૬ કી.મી.ની ત્રિજયાના વિસ્તારમાં તા.૨૧-૯-૨૦૨૦થી તા.૨૩-૧૦-૨૦૨૦ સુધી સવારના ૭ કલાકથી સાંજના ૧૮ કલાક સુધી પ્રવેશ કરવો નહિં તથા ઉકત વિસ્તારમાં દર્શાવેલ દિવસો અને સમયે ઢોર ઢાંકર લઈને પ્રવેશ કરવો કે કરાવવો નહીં.

આ જાહેરનામાનાનો ભંગ કરનાર ઉકત અધિનીયમ કલમ-૧૩૫ હેઠળ અને ભારતના ફોજદારી અધિનિયમની કલમ ૧૮૮ મુજબ શિક્ષાને પાત્ર થશે.

પ્રાંતિજ ખાતે જાયન્ટસ ગૃપ ઓફ પ્રાંતિજના પ્રમુખનો શપથવિધિ સમારોહ યોજાયો

પ્રાંતિજ, તા. ૮

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે કાર્યરત જાયન્ટસ ગ્રુપ ઓફ પ્રાંતિજના પ્રમુખનો શપથવિધિ સમારોહ યોજાયો હતો. જેમાં નવા પ્રમુખ તરીકે ડા.કેયુરભાઇ પ્રજાપતિએ શપથ લીધા.

પ્રાંતિજ ખાતે કાર્યરત સેવાભાવી સંસ્થા જાયન્ટ ગૃપ ઓફ પ્રાંતિજના જાયન્ટસ વેલફેર ફાઉન્ડેશન ફેડ-૩સી ના નવા પ્રમુખનો શપથવિધિ સમારોહ પ્રાંતિજ રેલ્વે સ્ટેશન વિસ્તારમાં આવેલ વી.એસ. રાવલ પીટીસી કોલેજ ખાતે યોજાયો હતો જેમાં આવનારા મહેમાનો દ્વારા દિપ પ્રાગટ્ય કરી કાર્યક્રમની શરૂઆત કરાવી હતી. જાયન્ટસ પ્રાર્થના બાદ આવનારા મહેમાનોનું ફુલછડી આપી સન્માન કરવામાં આવ્યું હતું. નિખીલભાઇ સુખડિયા દ્વારા નવા પ્રમુખ ડા. કેયુરભાઇ પ્રજાપતિને પ્રમુખ તરીકેના શપથ લેવડાવવા આવ્યા હતા અને શપથવિધિ બાદ ડા. કેયુરભાઇ પ્રજાપતિને જાયન્ટસની પીન પહેરાવીને પ્રમુખ તરીકે જાહેર કરવામાં આવ્યા હતા. આ શપથવિધિ કાર્યક્રમમાં જાયન્ટસ હોદ્દેદારો દ્વારા પણ શપથ લેવામાં આવ્યા હતા. આ પ્રસંગે નગરપાલિકાના પ્રમુખ દિપકભાઇ કડીયા, બ્રાન્ચ જાયન્ટસ પ્રમુખ બાબુભાઈ પટેલ, ઉપપ્રમુખ સાંકાભાઇ પટેલ, જાયન્ટસ કમિટી મેમ્બર ડા. એન.કે. ડેરિયા, બ્રાન્ચ પૂર્વ પ્રમુખ વજેશભાઇ ભાવસાર, બ્રાન્ચ ઉપપ્રમુખ સુનીલદાસજી મહારાજ, નિખીલભાઇ સુખડિયા, રાજેશભાઈ ટેકવાણી, ધવલભાઇ રાવલ, મનીષાબેન ભટ્ટ, મંત્રી હાર્દિકભાઇ બ્રહ્મભટ્ટ, નગરપાલિકાના પૂર્વ પ્રમુખ નિરવભાઇ પરીખ, પિયુષભાઇ શાહ ઉપસ્થિત રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમનું સફળ સંચાલન હરેશભાઈ બારોટ દ્વારા કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમ દરમ્યાન સરકારની ગાઈડલાઈન મુજબ માસ્ક અને સોશિયલ ડિસ્ટન્સ જોવા મલ્યુ હતું.